# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૪ તા.૧૪-૭-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે શાળાઓમાં નવું શૈક્ષણિક વર્ષ શરૂ થતાં રાબેતા મુજબ શિક્ષણકાર્ય શરૂ થઈ ગયેલ છે. સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવાય, બાળકો શાળામાં નિયમિત આવે, સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓને મળતા વિવિધ લાભો- યોજનાઓથી વાલીઓ વાકેફ થાય, હજુ શાળાના શિક્ષણથી કોઈ બાળકો વંચિત રહી ગયા હોય તો તેમને શાળામાં પ્રવેશ આપી શકાય વગેરે હેતુઓને લક્ષ્યમાં લઈ ધો.૧ ધરાવતી તમામ શાળાઓમાં **'શિક્ષા પ્રસાર યાત્રા અને શિક્ષા પ્રસાર સંમેલન'** નું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત ધો.૧ ધરાવતી શાળાઓએ વધુ વસ્તી ધરાવતા પોકેટ એરિયામાં તા.૧૬-૭-૧૫ના રોજ સાંજના ૪-૦૦ થી ૫-૩૦ સુધી રેલી સ્વરૂપે જઈ અગાઉથી નિશ્ચિત કરેલ જગાએ સંમેલન કરવું અને વાલીઓ સાથે ચર્ચા વિમર્શ કરી સ્વચ્છતા, આરોગ્ય અને શિક્ષણનું મહત્વ સમજાવવું. પોતાની શાળાના સૌથી મોટા ધોરણના બાળકોને સાથે રાખવા. પ્રાથમિક શિક્ષણ મેળવવાપાત્ર કોઈપણ બાળક શાળાની વંચિત ન રહી જાય તેવા પ્રયાસો કરવા. રેલીમાં તેમજ સંમેલનના સ્થળે શાળાનું બેનર સાથે રાખવું, માઈકની વ્યવસ્થા કરવી. આ સંમેલનની જાણ અગાઉથી વાલીઓને કરવી. જે-તે વોર્ડના કાઉન્સીલરશ્રીઓ અને સ્કૂલ બોર્ડ સદસ્યશ્રી, સામાજિક કાર્યકરોને લેખિતમાં આમંત્રણ આપવું.

તા.૧૪-૭-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી